ભારત સામેની પહેલી ટેસ્ટ માટે નવો ઓપનર, ઑસ્ટ્રેલિયાએ જાહેર કરી ટીમ

મૅકસ્વીનીને મુકેશ કુમારે બે વાર સસ્તામાં આઉટ કર્યો છે

પર્થ: આગામી બાવીસમી નવેમ્બરે પર્થમાં શરૂ થનારી પ્રથમ ટેસ્ટ માટે ઑસ્ટ્રેલિયાએ ટીમ જાહેર કરી છે અને એમાં ખાસ કરીને પચીસ વર્ષના નવા બૅટિંગ-ઑલરાઉન્ડર નૅથન મૅકસ્વીનીનો સમાવેશ કરવામાં આવ્યો છે.

મૅકસ્વીનીને ઓપનિંગ બૅટર તરીકેની જવાબદારી સોંપાશે અને તે ઉસમાન ખ્વાજા સાથે ભારત સામેના દાવની શરૂઆત કરશે.

જ્યોર્જ બેઇલીના અધ્યક્ષસ્થાનમાં યોજાયેલી મીટિંગમાં સિલેક્ટરોએ ૧૩ ખેલાડીઓની ટીમ જાહેર કરી હતી જેમાં પર્થની ટેસ્ટ માટેના અગિયાર ખેલાડીઓ લગભગ નક્કી છે, કારણકે ૧૩માંથી બે પ્લેયર એવા છે જેમને રિઝર્વ પ્લેયર તરીકે સ્ક્વૉડમાં સમાવવામાં આવ્યા છે. એ પ્લેયર છે, ફાસ્ટ બોલર સ્કૉટ બૉલેન્ડ અને વિકેટકીપર-બૅટર જૉશ ઇંગ્લિસ.

ઓપનર મૅકસ્વીની તાજેતરમાં ઇન્ડિયા 'એ' સામેની બિનસત્તાવાર ટેસ્ટમાં સારું નહોતો રમ્યો. તેણે એ ટેસ્ટમાં ૧૪ તથા પચીસ રન બનાવ્યા હતા. જોકે માર્કસ હૅરિસ તેમ જ કૅમેરન બૅન્ક્રૉફ્ટ તથા સૅમ કૉન્સ્ટાસના સ્થાને તેને સ્પેશિયાલિસ્ટ ઓપનિંગ બૅટર તરીકે પસંદ કરવામાં આવ્યો છે. મૅકસ્વીની એકેય ઇન્ટરનૅશનલ મૅચ નથી રમ્યો અને પર્થમાં તે ભારત સામે રમીને ડેબ્યૂ કરશે.

મૅકસ્વીની ક્વીન્સલૅન્ડનો છે અને તે માર્નસ લાબુશેનના હાથ નીચે તૈયાર થયો છે. મૅકસ્વીનીએ ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં ૩૪ મૅચમાં છ સદીની મદદથી ૩૮.૧૬ની સરેરાશે ૨,૨૫૨ રન બનાવ્યા છે. તે છેલ્લા બે વર્ષમાં શેફીલ્ડ શીલ્ડ ટૂર્નામેન્ટમાં સારું રમ્યો હોવાથી ઓપનર તરીકે તેના પર કળશ ઢોળવામાં આવ્યો છે. ડેવિડ વૉર્નર અને રિકી પૉન્ટિંગે સિલેક્ટર્સને મૅકસ્વીનીના નામની ભલામણ કરી હતી.

ઑસ્ટ્રેલિયાની ટેસ્ટ ટીમ:

પૅટ કમિન્સ (કૅપ્ટન), નૅથન મૅકસ્વીની, ઉસમાન ખ્વાજા, ઍલેક્સ કૅરી (વિકેટકીપર), ટ્રેવિસ હેડ, સ્ટીવ સ્મિથ, માર્નસ લાબુશેન, જૉશ ઇંગ્લિસ (વિકેટકીપર), જૉશ હૅઝલવુડ, નૅથન લાયન, મિચલ માર્શ, મિચલ સ્ટાર્ક અને સ્કૉટ બૉલેન્ડ.

ભારત-ઑસ્ટ્રેલિયા ટેસ્ટ સિરીઝ

(૧) પ્રથમ ટેસ્ટ, ૨૨-૨૬ નવેમ્બર, પર્થ, સવારે ૭.૫૦ વાગ્યાથી
(૨) બીજી ટેસ્ટ, ૬-૧૦ ડિસેમ્બર, ઍડિલેઇડ, સવારે ૯.૩૦ વાગ્યાથી
(૩) ત્રીજી ટેસ્ટ, ૧૪-૧૮ ડિસેમ્બર, બ્રિસ્બેન, સવારે ૫.૫૦ વાગ્યાથી
(૪) ચોથી ટેસ્ટ, ૨૬-૩૦ ડિસેમ્બર, મેલબર્ન, સવારે ૫.૦૦ વાગ્યાથી
(૫) પાંચમી ટેસ્ટ, ૩-૭ જાન્યુઆરી, સિડની, સવારે ૫.૦૦ વાગ્યાથી ■

પ્રીમિયર લીગમાં મૅન્ચેસ્ટર સિટીની સતત ચોથી હાર, શાસનનો અંત નજીક?

મૅન્ચેસ્ટર: ફૂટબૉલ વિશ્વમાં સર્વશ્રેષ્ઠ કોચ ગણાતા પેપ ગ્વાર્ડિયોલાના કોચિંગમાં મૅન્ચેસ્ટર સિટીની ટીમે આટલો ખરાબ સમય ક્યારેય નહોતો જોયો જેટલો હાલમાં જોવા મળી રહ્યો છે. મૅન્ચેસ્ટર સિટીની ટીમે ઇંગ્લિશ પ્રીમિયર લીગ (ઇપીએલ)માં પરાજય જોયો છે. જોકે મૅન્ચેસ્ટર સિટી છેલ્લી ચાર સીઝનથી ઇપીએલમાં ચૅમ્પિયન બની છે. આ ટીમ તમામ સ્પર્ધાઓને ગણતરીમાં લઈએ તો સતત ચોથી મૅચમાં પરાજિત થઈ છે. બ્રાઇટનમાં સિટીની ૧-૨થી હાર થઈ હતી. એ સાથે, સિટીની ટીમ ઇપીએલના પૉઇન્ટ્સ ટેબલમાં લિવરપૂલથી પાંચ પૉઇન્ટ પાછળ જતી રહી છે. લિવરપૂલે ઍસ્ટન વિલાને ૨-૦થી હરાવી હતી.

૨૦૦૬ની સાલ બાદ ક્યારેય પણ મૅન્ચેસ્ટર સિટીની ટીમ ઉપરાઉપરી ચાર મૅચમાં પરાજિત નહોતી થઈ, પણ આ વખતે એવું બન્યું છે.

મૅન્ચેસ્ટર સિટી ક્લબની ટીમ ૧૦ વખત ઇંગ્લિશ પ્રીમિયર લીગનું ટાઇટલ જીતી છે. ■

વરુણના તરખાટ છતાં ભારત હાર્યું, ફ્લૉપ ટૉપ-ઑર્ડર જવાબદાર

કેબેહા (પોર્ટ એલિઝાબેથ): સાઉથ આફ્રિકાએ અહીં રવિવારે રોમાંચક લો-સ્કોરિંગ ટી-૨૦ મૅચમાં ભારતને (છ બૉલ બાકી રાખીને) ત્રણ વિકેટના માર્જિનથી હરાવીને સિરીઝ ૧-૧ની બરાબરીમાં લાવી દીધી હતી. સ્પિનર વરુણ ચક્રવર્તી (૪-૦-૧૭-૫)નો કરીઅર-બેસ્ટ તરખાટ લેખે લાગ્યો હોત જો એ પહેલાં ભારતના ટૉપ-ઑર્ડરે જવાબદારીપૂર્વક બૅટિંગ કરીને યજમાન ટીમને પડકારરૂપ લક્ષ્યાંક અપાવ્યો હોત. ભારતીય ટીમ તેમને ફક્ત ૧૨૫ રનનો ટાર્ગેટ આપી શકી અને તેમણે ૧૯ ઓવરમાં નોંધાવેલા ૧૨૮/૭ના સ્કોર સાથે વિજય હાંસલ કરી લીધો હતો.

આઇપીએલમાં દિલ્હી વતી રમી ચૂકેલો મિડલ-ઑર્ડર બૅટર ટ્રિસ્ટેન સ્ટબ્સ (૪૭ અણનમ, ૪૧ બૉલ, સાત ફોર) ભારત માટે સૌથી મોટી આડખીલી બન્યો હતો. તેને છેલ્લી ઓવર્સમાં કૉએટ્ઝી (૧૯ અણનમ, નવ બૉલ, એક સિક્સર, બે ફોર)નો સારો સાથ મળ્યો હતો. તેમની વચ્ચે ૪૨ રનની અતૂટ ભાગીદારી થઈ હતી. ભારત વતી કુલ છ બોલરે બોલિંગ કરી હતી જેમાં વરુણની પાંચ વિકેટ ઉપરાંત અર્શદીપ સિંહ તથા રવિ બિશ્નોઈને એક-એક વિકેટ મળી હતી. અર્શદીપની ત્રીજી ઓવરમાં કૉએટ્ઝીએ છગ્ગો ફટકાર્યો એ સાઉથ આફ્રિકા માટે ટર્નિંગ પૉઇન્ટ હતો.

એ પહેલાં, ભારતે પ્રથમ ૧૫ રનમાં ત્રણ વિકેટ ગુમાવ્યા બાદ સમયાંતરે વિકેટ ગુમાવ્યા પછી છેવટે સ્કોર ૨૦ ઓવરમાં છ વિકેટે ૧૨૪ રન રહ્યો હતો. શુક્રવારનો હીરો સંજુ સૅમસન આ મૅચમાં ઝીરોમાં આઉટ થઈ ગયો હતો. શુક્રવારે તે સતત બીજી ટી-૨૦માં સદી ફટકારનાર પ્રથમ ભારતીય બૅટર બન્યો હતો. રવિવારે હાર્દિક પંડ્યાએ ૪૫ બૉલમાં એક સિક્સર અને ચાર ફોરની મદદથી બનાવેલા ૩૯ રન ટીમમાં સૌથી વધુ હતા. ■

રોહિત પર ગાવસકરે ટિપ્પણી કરી જેના પરની ફિન્ચની પ્રતિક્રિયા માટે રિતિકાએ બતાવ્યું 'સૅલ્યૂટ'નું ઇમોજી



સુનીલ ગાવસકર અને આરૉન ફિન્ચે મીડિયામાં રોહિત-રિતિકાના મુદ્દે અભિપ્રાય આપ્યો છે.

નવી દિલ્હી: ઑસ્ટ્રેલિયામાં આગામી બાવીસમી નવેમ્બરે ભારતની પાંચ મૅચવાળી ટેસ્ટ-સિરીઝ શરૂ થવાની છે, પરંતુ રોહિત શર્માની પત્ની રિતિકા બીજા બાળકને જન્મ આપવાની તૈયારીમાં હોવાથી રોહિત કદાચ પહેલી ટેસ્ટમાં નથી રમવાનો અને એ કારણસર તે ઑસ્ટ્રેલિયા મોડો જવાનો છે. થોડા દિવસ પહેલાં બૅટિંગ-લેજન્ડ સુનીલ ગાવસકરે ટિપ્પણી કરી હતી કે રોહિત જો ઑસ્ટ્રેલિયામાં પહેલી ટેસ્ટ ન રમવાનો હોય તો પછીથી તેણે (કૅપ્ટન તરીકે નહીં, પણ) માત્ર ખેલાડી તરીકે જ ટીમ સાથે જોડાવું જોઈએ. જોકે આ કમેન્ટ પર ઑસ્ટ્રેલિયન ક્રિકેટ આરૉન ફિન્ચે એક પ્રતિક્રિયા આપી છે જે રિતિકાને ખૂબ વાજબી અને પસંદ પડી ગઈ અને તેણે એક્સ (ટવિટર) પર ફિન્ચને રિપ્લાયમાં 'સૅલ્યૂટ'નો સંકેત આપતું ઇમોજી બતાવીને ગાવસકરને સીધો સંદેશ આપી દીધો હતો.

ગાવસકરે ખેલકૂદ પરના એક ટૉક-શોમાં જણાવ્યું હતું કે 'ચીફ સિલેક્ટર અજિત આગરકરે રોહિતને કહી દેવું જોઈએ કે તારે અંગત કારણસર આરામ કરવો હોય તો ભલે કરી લે, પણ જો ઑસ્ટ્રેલિયા ખાતેની ટૂરમાં તું બે/તૃત્યાંશ જેટલું ન રમી શકવાનો હોય તો પછીથી તારે માત્ર ખેલાડી તરીકે જ ટીમ સાથે જોડાવું જોઈએ અને આ આખી ટૂર માટે અમે વાઇસ-કૅપ્ટનને કૅપ્ટન બનાવી દઈશું.'

ગાવસકરે ટૉક-શોમાં રોહિત વિશે એવું પણ કહ્યું કે 'અહીં ન્યૂ ઝીલૅન્ડ સામે ભારતીય ટીમ ૦-૩થી હારી ગઈ એ જોતાં હવે પછીની સિરીઝની બાબતમાં સ્પષ્ટ અભિગમ હોવો જરૂરી છે. ટીમ સાથે લીડર તો હોવો જ જોઈએ.'

જોકે આરૉન ફિન્ચ એક જાણીતી ક્રિકેટ વેબસાઇટ સાથેની વાતચીતમાં ગાવસકરની આ ટિપ્પણીઓ સાથે સહમત નહોતો. ફિન્ચે કમેન્ટમાં લખ્યું, 'ગાવસકરે જે કંઈ કહ્યું એ સાથે હું સંપૂર્ણપણે અસહમત છું. ભારતીય ટીમનો મુખ્ય કૅપ્ટન રોહિત શર્મા જ છે. પત્ની ગર્ભવતી હોય અને જો તે તેની પડખે રહેવા માગતો હોય તો એમાં ખોટું શું છે? એ તો ખૂબ સારો સમય કહેવાય. આવા સંજોગોમાં તેની પડખે રહેવા બને એટલો સમય તેને આપવો જોઈએ.'

રિતિકાએ ફિન્ચની કમેન્ટ વાંચીને પોતાની પોસ્ટમાં તેને 'સલામ'નો સંકેત આપતું ઇમાજી બતાવ્યું હતું. આવો સંકેત આપીને રિતિકાએ ગાવસકરને પણ સ્પષ્ટ સંદેશ આપી દીધો હતો.

ભારતીય ટીમ ઑસ્ટ્રેલિયામાં પાંચ ટેસ્ટ રમશે. જો રોહિત શર્મા સિરીઝની પ્રથમ ટેસ્ટ નહીં રમે તો વાઇસ-કૅપ્ટન જસપ્રીત બુમરાહ ટીમનું સુકાન સંભાળશે. પહેલી ટેસ્ટ ૨૨-૨૬ નવેમ્બર દરમ્યાન પર્થમાં રમાશે. ભારતીય ટીમ તાજેતરમાં જ ઘરઆંગણે ન્યૂ ઝીલૅન્ડ સામે ૦-૩થી સિરીઝ હાર્યું છે અને હવે ઑસ્ટ્રેલિયામાં શ્રેણી જીતવાનું ભારતીય ટીમ તથા કોચિંગ-સ્ટાફ પર પ્રચંડ પ્રેશર રહેશે. ■

આઇસીસીએ ચેમ્પિયન્સ ટ્રોફી પહેલાંની મોટી ઇવેન્ટ રદ કરી

હવે મુખ્ય ટૂર્નામેન્ટ પણ કૅન્સલ કરાશે કે શું?

દુબઈ/કરાચી: બીસીસીઆઈ કોઈ પણ સંજોગોમાં ટીમ ઇન્ડિયાને આગામી ફેબ્રુઆરીની ચેમ્પિયન્સ ટ્રોફીમાં રમવા માટે પાકિસ્તાન નહીં જ મોકલે. બીજી બાજુ, પાકિસ્તાન આખી ટૂર્નામેન્ટ પોતાને ત્યાં જ રખાવવા મક્કમ છે. ગયા વર્ષના એશિયા કપ જેવું હાઇબ્રિડ મોડેલ સ્વીકારવા હમણાં પાકિસ્તાન તૈયાર નથી જ. આ સ્થિતિમાં આઈસીસીએ એક મોટું અને ચોકાવનારું પગલું ભર્યું છે. ચેમ્પિયન્સ ટ્રોફી પહેલાંના ૧૦૦ દિવસના કાઉન્ટડાઉનની શરૂઆત નિમિત્તે સોમવાર, ૧૧મી નવેમ્બરે લાહોરમાં એક ઇવેન્ટ થવાની હતી જે આઈસીસીએ રદ કરી છે.

ચેમ્પિયન્સ ટ્રોફી પાછી ઘણા વર્ષે રમાવાની છે, પરંતુ ભારતના હાલના મક્કમ તથા વ્યાજબી વલણ અને પાકિસ્તાનના જક્કી વલણ વચ્ચે આઈસીસીની હાલત સૂડી વચ્ચે સોપારી' જેવી થઈ ગઈ છે.

આ સંજોગોમાં આઇસીસી આગામી ૧૯મી ફેબ્રુઆરીથી પાકિસ્તાનમાં યોજાનારી આઠ દેશ વચ્ચેની ચેમ્પિયન્સ ટ્રોફી ટૂર્નામેન્ટ પણ રદ કરી નાખશે તો નવાઈ નહીં લાગે. ■

મેસીની માયામી ટીમ મેજર લીગની બહાર

ફોર્ટ લૉડરડેલ: લિયોનેલ મેસી અને ઇન્ટર માયામી ટીમે મેજર લીગ સૉકર (એમએલએસ) કપમાંથી બહાર થઈ જવું પડ્યું છે, કારણકે શનિવારે પ્લે-ઑફના પ્રથમ રાઉન્ડમાં જ ઍટલાન્ટા યુનાઇટેડ સામે માયામીની ટીમનો ૨-૩થી પરાજય થતાં માયામી ટીમ સ્પર્ધાની બહાર થઈ ગઈ હતી.

મેસી માટે અને ખાસ કરીને માયામીની ટીમ માટે આ બહુ મોટો આંચકો છે. એક તો આ ટીમમાં મેસી હોવાથી મહિનાઓથી ટીમ ચર્ચામાં હતી અને ડેવિડ બેકહૅમની સહ-માલિકીવાળી આ ટીમે કરોડો રૂપિયાનો ખર્ચ પણ કર્યો હતો. એ જોતાં આ ટીમના અસંખ્ય ચાહકો માટે પણ આ મોટો અપસેટ છે.

યુનાઇટેડ વતી ત્રણમાંથી બે ગોલ જમાલ ટિઍરે કર્યા હતા. બન્ને ટીમ ૨-૨ની બરાબરીમાં રહ્યા બાદ ૭૬મી મિનિટમાં બાર્ટોઝ સ્લિઝે હેડરથી ગોલ કરીને યુનાઇટેડને રોમાંચક અને યાદગાર વિજય અપાવ્યો હતો.

માયામી વતી મૅટિયાસ રૉયાસે ૧૭મી મિનિટમાં અને મેસીએ (હેડરથી) ૬૫મી મિનિટમાં ગોલ કર્યો હતો, પરંતુ એ પછી મેસીનું યુનાઇટેના ડિફેન્ડર્સ સામે કંઈ નહોતું ચાલ્યું. યુનાઇટેડે એવી ટીમ સામે વિજય મેળવ્યો જેનો મુખ્ય ખેલાડી (મેસી) વર્લ્ડ ચૅમ્પિયન આર્જેન્ટિનાનો કૅપ્ટન છે. ■

બાબર આઝમ બની ગયો શાહીન આફ્રિદીનો ફિઝિયોથેરપિસ્ટ!

પર્થ: અહીં રવિવારે ત્રીજી અને નિર્ણાયક વન-ડે દરમ્યાન પાકિસ્તાનનો ભૂતપૂર્વ કૅપ્ટન બાબર આઝમ થોડી ક્ષણો માટે ઈજાગ્રસ્ત ફાસ્ટ બોલર શાહીન શાહ આફ્રિદીનો ફિઝિયોથેરપિસ્ટ બની ગયો હતો.

શાહીન આફ્રિદીને બોલિંગવાળા ડાબા હાથની આંગળીના અંગૂઠા પર બૉલ વાગતાં દુખાવાને કારણે તે મેદાન પર બેસી પડ્યો હતો અને બાબર તાબડતોબ તેની મદદે દોડી આવ્યો હતો. આ બનાવ ઑસ્ટ્રેલિયાની ઇનિંગ્સની ૨૬મી ઓવર દરમ્યાન બની હતી અને ઍડમ ઝૅમ્પા તથા શૉન અબૉટ ત્યારે બૅટિંગમાં હતા.

અબૉટે દોડીને એક રન પૂરો કર્યો ત્યાં જ ડીપના સ્થાનેથી આવેલો બૉલ વિચિત્ર રીતે ઊછળ્યો હતો અને શાહીન આફ્રિદીને અંગૂઠા પર વાગ્યો હતો. આફ્રિદીને તરત જ સારવારની જરૂર પડી હતી, પરંતુ મેડિકલ સ્ટાફ સાથે ટીમના ફિઝિયોથેરપિસ્ટ પિચની નજીક પહોંચે એ પહેલાં બાબરે આફ્રિદીને સારવાર આપવાની શરૂ કરી દીધી હતી. તેણે આફ્રિદીનો અંગૂઠો ખેંચીને તેના પર મસાજ કર્યો હતો. કૉમેન્ટેટરે પણ બાબરની આ પહેલને ખૂબ વખાણી હતી.

ફિઝિયોથેરપિસ્ટે આવીને તેમની રીતે આફ્રિદીને ટ્રીટમેન્ટ

આપી હતી અને એક વિકેટ લઈ ચૂકેલા આફ્રિદીએ ફરી બોલિંગ કરવાનું શરૂ દીધું હતું અને ઑસ્ટ્રેલિયાની બાકી રહેલી બૅટિંગ લાઇન-અપ તોડી પાડી હતી અને શૉન અબૉટ (૩૦ રન) તથા લાન્સ મૉરિસ (૦)ની વિકેટ પણ લીધી હતી.

ઑસ્ટ્રેલિયા ૧૪૦ રનમાં ઑલઆઉટ થઈ ગયું હતું. શાહીન અને નસીમ શાહે ત્રણ-ત્રણ વિકેટ લીધી હતી. બે વિકેટ હૅરિસ રઉફે લીધી હતી.

પાકિસ્તાને ૨૬.૫ ઓવરમાં બે વિકેટે ૧૪૩ રન બનાવીને વિજય મેળવી સિરીઝ ૨-૧થી જીતી લીધી હતી. ■

ઑસ્ટ્રેલિયામાં પાકિસ્તાન બાવીસ વર્ષે શ્રેણી જીત્યું

પર્થ: વર્લ્ડ ચેમ્પિયન ઑસ્ટ્રેલિયન ક્રિકેટ ટીમને ઘરઆંગણે પાકિસ્તાન સામે કારમી હાર મળી છે. પાકિસ્તાનની ટીમે શાનદાર પ્રદર્શન કરીને ઑસ્ટ્રેલિયાને ૩ મેચની વન-ડે સિરીઝમાં ૨-૧થી માત આપી છે. પાકિસ્તાન બાવીસ વર્ષે ઑસ્ટ્રેલિયામાં સિરીઝ જીતવામાં સફળ થયું છે. આ પહેલાં, પાકિસ્તાને ૨૦૦૨માં ઑસ્ટ્રેલિયાને વન-ડે શ્રેણીમાં ૨-૧થી હરાવ્યું હતું. ત્યાર બાદ ત્રણેયમાંથી કોઈ પણ ફૉર્મેટમાં પાકિસ્તાનને ઑસ્ટ્રેલિયાની ધરતી પર શ્રેણી જીતવામાં સફળતા નહોતી મળી. માત્ર બીજી વખત પાકિસ્તાનની ટીમ ઑસ્ટ્રેલિયાને તેની ધરતી પર સિરીઝ હરાવવામાં સફળ થઈ છે.

પર્થમાં પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ઑસ્ટ્રેલિયાની ટીમ ૩૧.૫ ઓવરમાં માત્ર ૧૪૦ રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી. પાકિસ્તાન તરફથી શાહીન આફ્રિદી અને નસીમ શાહે ૩-૩ વિકેટ લીધી હતી જ્યારે હૅરિસ રઉફે બે વિકેટ ઝડપી હતી. આ પછી પાકિસ્તાને ૧૪૧ રનનો ટાર્ગેટ ૨ વિકેટ ગુમાવીને હાંસલ કર્યો હતો.

આ સિરીઝમાં પાકિસ્તાની બોલરોએ શાનદાર પ્રદર્શન કર્યું હતું. હરિસ રઉફે ૩ મેચમાં ૧૦ અને શાહીન આફ્રિદીએ ૮ વિકેટ ઝડપી હતી. નસીમ શાહે ૫ વિકેટ ઝડપી, મોહમ્મદ હસનૈને ૩ વિકેટ લીધી હતી. સૌથી વધુ વિકેટ લેવા બદલ હરિસ રઉફને પ્લેયર ઓફ ધ સિરીઝ અને પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ આપવામાં આવ્યો હતો. ■

દેશ-વિદેશ

કેનેડામાં હિંદુ મંદિરમાં હિંસા કેસમાં એસએફજે કેનેડાના સંયોજકની ધરપકડ

ઓટાવા: કેનેડાની પોલીસે શહેરના એક હિંદુ મંદિરમાં હિંસક વિરોધ પ્રદર્શન દરમિયાન હથિયાર વડે હુમલો કરવાના આરોપસર બ્રામ્પટનના ૩૫ વર્ષીય રહેવાસીની ધરપકડ કરી છે. આ જાણકારી અધિકારીઓએ આપી હતી.

બ્રામ્પટનમાં ૩ નવેમ્બરના રોજ હિંદુ સભા મંદિરમાં એક વિરોધ પ્રદર્શન થયું હતું અને સોશિયલ મીડિયા પર પ્રસારિત થયેલા અપ્રમાણિત વીડિયોમાં વિરોધીઓ ખાલિસ્તાનના સમર્થનમાં બેનરો પકડેલા દર્શાવવામાં આવ્યા હતા. વીડિયોમાં મંદિરની આસપાસના મેદાનમાં લોકો એકબીજા પર લાકડીઓ વડે હુમલો કરતાં જોવા મળ્યા હતા. પીલ પોલીસના નિવેદનમાં જણાવાયું છે કે ૨૧ ડિવિઝન ક્રિમિનલ ઇન્વેસ્ટિગેશન બ્યુરો અને સ્ટ્રેટેજિક ઇન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી)ના તપાસકર્તાઓએ બ્રેમ્પટનના ઇન્દ્રજીત ગોસલની ધરપકડ કરી છે અને તેના પર આરોપ ઘડ્યા છે.

ટોરોન્ટો સ્ટારના અહેવાલ અનુસાર ગોસલ કેનેડામાં શીખ્સ ફોર જસ્ટિસના સંયોજક છે. અમેરિકા સ્થિત એસએફજે ભારતમાં પ્રતિબંધિત છે. ગોસલની ૮ નવેમ્બરના રોજ ધરપકડ કરવામાં આવી હતી અને તેના પર હથિયાર વડે હુમલો કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. તેને શરતો સાથે મુક્ત કરવામાં આવ્યો હતો. બાદમાં તેને બ્રામ્પટનમાં ઓન્ટારિયો કોર્ટ ઓફ જસ્ટિસમાં હાજર થવાનું હતું. ૩ અને ૪ નવેમ્બરની હિંસા દરમિયાન ગુનાહિત ઘટનાઓની તપાસ કરવા માટે સીટની રચના કરવામાં આવી છે. ■

કિશ્તવાડમાં આતંકવાદી સામેના ઓપરેશનમાં એક પેરા કમાન્ડો શહીદ, ત્રણ જવાન ઘાયલ

જમ્મુ: જમ્મુ અને કાશ્મીરના કિશ્તવાડ જિલ્લાના અંતરિયાળ જંગલક્ષેત્રમાં આતંકવાદી વિરુદ્ધના એક ઓપરેશનમાં થયેલા ગોળીયુદ્ધમાં લશ્કરના સ્પેશ્યલ ફોર્સના એક જુનિયર કમિશન્ડ ઓફિસર (જેસીઓ) શહીદ થયા હતા અને વધુ ત્રણ જવાનને ઈજા પહોંચી હતી.

તાજેતરમાં બે વિલેજ ડિફેન્સ ગાર્ડની હત્યાને પગલે સર્ચ ઓપરેશન શરૂ કરાયું હતું. લશ્કરે શહીદ થયેલા ઓફિસરની ઓળખાણ પેરા-બેના નાયબ સુબેદાર રાકેશ કુમાર તરીકે આપી છે. લશ્કરે રાકેશના બલીદાનને સલામ કરી છે.

સવારે અગિયાર વાગ્યે લશ્કર અને પોલીસની સંયુક્ત ટીમે કેશવાન જંગલમાં આતંકવાદીઓને આંતરી લેતા અથડામણ શરૂ થઈ હતી. આ સ્થળ ગામના બે ગાર્ડ નાઝિર અહમદ અને કુલદીપ કુમારના મૃતદેહ મળ્યા એના થોડા કિલોમીટર દૂર હતું.

આતંકવાદીઓએ ગામના ચોકિયાતોનું અપહરણ કરીને તેમની હત્યા કરી તેને પગલે કુન્તવાડા અને કેશવાનના જંગલમાં વ્યાપક સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. લશ્કરના જમ્મુસ્થિત નાઈટ કોરે એક્સ પર મૂકેલી પોસ્ટમાં કહ્યું હતું કે આતંકવાદીની હાજરીની ખાસ બાતમીને પગલે સુરક્ષા દળોએ કિશ્તવાડના ભર્ત રિજના જનરલ એરિયામાં સંયુકત ઓપરેશન શરૂ કર્યું હતું. આ એ જ આતંકવાદીઓ હતા જેમણે ગામના બે ચોકિયાતોનું અપહરણ કરીને તેમની હત્યા કરી હતી. અથડામણ શરૂ થઈ હતી અને સામસામો ગોળીબાર શરૂ થયો હતો.

અધિકારીઓએ કહ્યું હતું કે જેસીઓ સહિત ચાર જવાનો શરૂઆતની લડાઈમાં ઘાયલ થયા હતા. ચારેને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આમાં જેસીઓ શહીદ થયા હતા અને બીજા ત્રણ ગંભીર હાલતમાં છે.

પોલીસના પ્રવકતાએ પણ એ વાતને સમર્થન આપ્યું હતું કે આતંકવાદીઓ સાથે અથડામણ ચાલુ છે અને ત્રણ-ચાર આતંકવાદીઓ ઘેરાઈ ગયા છે.

જમ્મુ અને કાશ્મીરમાં છેલ્લા ૧૫ કલાકમાં ત્રણ અથડામણ થઈ હતી. સોપોરમાં એક આતંકવાદીને પણ મારી નાખવામાં આવ્યો હતો.

શ્રીનગરના અંતરિયાળ વિસ્તારના જબરવાન જંગલમાં પહેલી અથડામણ થઈ હતી. અહીં બે-ત્રણ આતંકવાદીઓ ફસાયા હતા. થોડા કલાકો ઓપરેશન ચાલ્યા બાદ આતંકવાદી જબરવાન ટેકરીમાં ભાગી જતા ઓપરેશન થંભાવી દેવામાં આવ્યું હતું.

શનિવારે રાત્રે સોપોરમાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી. પોલીસે માહિતી આપી હતી કે બારામુલ્લાના સોપોર વિસ્તારમાં આતંકવાદીઓની હાજરીની બાતમી મળી હતી. પોલીસ અને લશ્કરે સંયુકત કામગીરી શરૂ કરી. પોલીસે ગોળીબારમાં એક આતંકવાદીને ઠાર માર્યો હતો. (એજન્સી)■

ઝારખંડમાં પશ્ચિમ સિંઘભૂમ વિધાનસભા ચૂંટણીમાં વૃદ્ધો માટે ઘરેથી મતદાનની વ્યવસ્થા

ચાઇબાસા: ઝારખંડમાં પશ્ચિમ સિંઘભૂમ જિલ્લા વહીવટીતંત્રે વિધાનસભા ચૂંટણીમાં વૃદ્ધ મતદારો માટે ઘરેથી મતદાન કરવાની સુવિધા આપવાની ખાતરી આપી હતી. આ માહિતી અધિકારીઓએ રવિવારે આપી હતી.

નોંધનીય છે કે ૮૧ સભ્યોની વિધાનસભા માટે ૧૩ અને ૨૦ નવેમ્બરે ચૂંટણી યોજાવાની છે. બીજા તબક્કામાં જિલ્લાની પાંચ બેઠકો - ચાઇબાસા, મઝગાંવ, જગન્નાથપુર, મનોહરપુર અને ચક્રધરપુર પર મતદાન થશે. જો કે ઘરેથી મતદાન ૩, ૪ અને ૯ નવેમ્બરે થયું હતું અને રવિવારે પણ થયું હતું. પશ્ચિમ સિંઘભૂમના ડેપ્યુટી કમિશનર અને જિલ્લા ચૂંટણી અધિકારી કુલદીપ ચૌધરીના જણાવ્યા અનુસાર સુલભતા અને સર્વસમાવેશકતાને સુનિશ્ચિત કરવા માટે ચૂંટણી પંચે ૮૫ વર્ષથી વધુ ઉંમરના વરિષ્ઠ નાગરિકો અને વિકલાંગ વ્યક્તિઓ (પીડબ્લ્યુડી) માટે ઘરેથી મતદાન કરવાની સુવિધા પૂરી પાડી છે.

તેમણે જણાવ્યું કે પાંચેય વિધાનસભા મતવિસ્તારમાં ૮૫ વર્ષથી વધુ વયના ૩,૦૦૯ મતદારો સહિત કુલ ૧૫,૯૦૪ મતદારો છે. બૂથ સ્તરના અધિકારીઓ દ્વારા હાથ ધરવામાં આવેલા સર્વે દરમિયાન ઘણા મતદારોએ ઘરેથી મતદાન કરવાનું પસંદ કર્યું હતું. ચક્રધરપુર વિધાનસભા મતવિસ્તારમાં ૮૫ વર્ષથી વધુ વયના કુલ ૫૬ મતદારો અને ૪૭ દિવ્યાંગ મતદારો છે. આ પાંચ વિધાનસભા મતવિસ્તારનાં તમામ ૧,૨૮૪ મતદાન મથકો પર બીએલઓ દ્વારા હાથ ધરાયેલા સર્વેક્ષણના માધ્યમથી કુલ ૧૦૩ મતદારોએ પોસ્ટલ બેલેટની સુવિધા પસંદ કરી હતી. ■